સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

શિસ્ત નામે લોકશાહીનું એન્કૌંટર કરી નાખ્યું!
ને ધાક સીનીયોરીટીનું એન્કૌંટર કરી નાખ્યું!
એન્કાઉન્ટર કરી નાખ્યું, ખેડૂત-મજૂર વર્ગનું -
ને સંઘના નામે પક્ષનું, એન્કૌંટર કરી નાખ્યું..

હાઈકુ

ફૂટે છે હવે -
પ્રચારી વિકાસના
દંભનો ઘડો

હીટ વેવમાં,
હવે તો પીગળે છે -
સૂરજ પણ..

ચિંતન

લાલયે ત્પંશ્ચ વર્ષાણિ દશ વર્ષાણિ તાડયેત્ । પ્રાપ્તે ષોડશવર્ષાણિ પુત્રે મિત્રવદાચરેત ॥

'બાળકનું પ્રથમ પાંચ વર્ષ પ્રેમપૂર્વક લાલન-પાલન-પોષણ કરવું, તે પછી દસ વર્ષ સુધી તેને શિક્ષણ-સંસ્કાર આપવા અને એને જરુરી શિસ્ત પાલન-નિયમબદ્ધ રહેવા માટે, જરુર પડે તો હાથ પણ ઉપાડવો - સજા પણ કરવી. પરંતુ પછી જયારે સોળમું વર્ષ બેસે ત્યારથી તેની સાથે મૈત્રીભર્યો - મિત્ર જેવા વ્યવહારનું આચરણ કરવું.'

આ પ્રાચીન શ્લોક બાલમાનસ અને બાળઉછેર માટે માર્ગદર્શન રુપ છે. કૂમળા છોડને પ્રમાણસર ખાતર-પાણી-તડકો આપી વ્હાલથી - પ્રેમથી ઉછેરવો જોઇએ. એમ બાળકને પ્રથમ પાંચ વર્ષ ખૂબ વ્હાલપૂર્વક લાલન-પાલન કરવું જોઇએ. બાળકને સ્મિત સાથે સમજ આપવી જોઇએ. એ આનંદનો અનુભવ કર્યા કરે તે જોવું. પછી દસ વર્ષ શિસ્તબદ્ધ - શિક્ષણ લે તે જોવું જોઇએ. એના મિત્રો અને ટેવો પર ધ્યાન આપવું અને પચ્ચીસ વર્ષ સુધી શિક્ષણ લે ત્યારે મિત્રવત્ વહેવાર કરવો.

આજે માતા-પિતા બાળકથી જલ્દી મુક્ત થવાના પેંતરા રચી બાલમંદિર-અંગ્રેજી રેસીડન્સીયલ - હોસ્ટેલોમાં ધકેલી દે છે વિકાસ અને સ્વાતંત્ર્યના નામે બગડવાનું મેદાન આપી દે છે. મા-બાપની છત્રછાયામાં જ વાત્સલ્યની વાવણી થાય એના હૃદયમાં પણ ઉગે..

સુવિચાર

- સ્વપ્ન! આંખો બંધ કર્યા વિના ક્યારેય આવે નહીં, અને સત્ય!! આંખો ખોલ્યા વિના ક્યારેય લાધે નહીં - ગુણવંત શાહ
- કેવી કરૂણતા!! માણસ તરીકે જન્મ્યા છીએ તો માણસ તરીકે જીવવાનું મન નથી થતું - એસ. ભટ્ટાચાર્ય
- કહેવાય છે કે મહત્તા મોટાની અને નાનાની કોઇ કિંમત નથી.. તો પછી ઝરણું મીઠું શા માટે?? અને સાગર ખારો શા માટે?? - શાહબુદ્દીન રાઠોડ
- આપણામાં મોટામાં મોટું દુષણ કયું?? લોકોના દુષણે ગાયા કરીએ તે - મોરારિ બાપુ
- ઓડકાર એ ભોજન પચ્યાની નિશાની છે.. અને ઘચરકો એ ભોજનના અજીર્ણની નિશાની છે, સંપત્તિ છતાં જો નમ્રતા તો ઓડકાર, સંપત્તિ સાથે અભિમાન તો ઘચરકો.. - પૂજ્ય મોટા
- વીતી ગયેલી કાલ માટે જો તમને કોઇ ઉદ્વેગ ન હોય અને આવનારી કાલ માટે તમને જો કોઇ ભય ન હોય તો સાચે જ તમે બાદશાહીમાં જીવો છો - માનસસૂત્ર
- વિજ્ઞાન માણસને એટલું લાંબુ આયુષ્ય તો નહીં આપી શકે કે જેમાં પત્નીની બધી ઇચ્છાઓ તે પૂરી કરી શકે - તરૂણસાગરજી

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર માણસ નાની નાની આપત્તિ-પીડા-દુ:ખમાં એવા અટવાઇ જાય છે કે ઘર-પરિવારમાં આવતી સુખ-આનંદ-ઉત્સવની ક્ષણોને પણ સરખી રીતે માણી શકતા નથી, જાતે તો દુ:ખી થાય જ છે પણ પોતાની આસપાસ પણ એક શોગીયો માહોલ સતત રાખે છે

એક વાર આવી વ્યક્તિને ત્યાં એનો જુનો મિત્ર આવ્યો, પત્ની મૃત્યુ પામી હતી, દીકરી સાસરે હતી, પુત્રો વિદેશ હતા. કોઇ ધ્યાન-સંભાળ લેનાર ન હતું. આમ છતાં ખૂબ જ આનંદમાં સમય પસાર કરતો હતો. સદાબહાર - ખૂશખૂશાલ..

પેલા દુખી મિત્રએ, મોજીલા મિત્રને કહ્યું, તું આટલો આનંદમાં સદાય કેમ રહી શકે છે!! તને પત્ની - બાળકો-પરિવાર યાદ નથી આવતાં?

મિત્ર કહે, જો ભાઇ હું પ્રેસર - ડાયાબીટીઝ-હાર્ટની કેટલીય ગોળીઓ દિવસમાં ત્રણ ટાઇમ ઝપોઝપ ગળી જાઉં છું. પરંતુ સાંજના ભાગે એકાદ વિદેશી ચોકલેટ કલાક સુધી મોઢામાં ચગળ્યા કરું છું..' બસ જિંદગી પણ આમ જ જીવવાની ટેવ પાડવી જોઇએ કડવા પ્રસંગો ઝડપથી ગળી જઇ ભૂલી જવા જોઇએ અને સુખદ ક્ષણો મનમાં ચગળ્યા કરવી જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

ગુજરાતના અનેક ભાગોમાંથી ઉત્ખન્ન દ્વારા મળી આવેલ ડાયનાસોરના અનેક જીવાશ્મિઓ એ હકીકત સ્પષ્ટ કરે છે ભૂસ્તરીય ભૂતકાળમાં ડાયનાસોરનાં અનેક આવાસોમાંનું એક આવાસ સ્થાન ગુજરાત હતું

હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

પ્રકૃતિ ઉદ્યાનમાં કરોડો વર્ષ પૂર્વેનાં ડાયનાસોરની દુનિયાનો મુલાકાતીઓને રોમાંચક અનુભવ થાય તે માટે હાલમાં જયાં વનસ્પતિ ઉદ્યાન છે તેની પાછળનો કોતરોવાળો વિસ્તાર પસંદ કરવામાં આવેલો પરંતુ ત્યાં જે પ્રકારના વૃક્ષો અને વનસ્પતિઓ હતી તેને દૂર કરવી પડે તેમ હોઇ ધોળાકુવા ગામ તરફ આવેલ પાર્કીંગની બાજુનો સમતળ વિસ્તાર લેવામાં આવે તો અનુકૂળતા રહે એમ પુખ્ત વિચારણાને અંતે ત્રણ હેકટર જેટલો વિસ્તાર પસંદ કરવામાં આવ્યો. તેમાં ભારતીય ભૂસ્તર સર્વેક્ષણ વિભાગની પશ્ચિમ વિસ્તારની કાર્યકારી પાંખની તકનીકી મદદથી એક પ્રેરણાદાયી સાહસનો પ્રારંભ થયો.

પૃથ્વીના ઇતિહાસમાં ઘટેલી મહત્ત્વની ઘટનાઓ અને કાળગણના ક્રમમાં તેના વિકાસની બાબતોથી બનેલ સમૃદ્ધ અને અજોડ ભૂસ્તરીય વારસાને સ્વયં અવશેષો તેમજ પ્રાંગ ઐતિહાસિક જીવનની પ્રતિકૃતિઓ દ્વારા પ્રદર્શિત કરવાના પ્રયત્નો શરુ થયા હતા.

પ્રથમ તબક્કામાં જે કામ આગળ વધ્યું તેમાં મધ્યજીવયુગમાં ક્રિટેસિયસ કાળની ઘટનાઓ બાબતોને તેમાં સમાવવાની હતી. કેમ કે આ કાળના ઘટકો વિસ્તૃત પ્રમાણમાં પૂર્વે ગુજરાતમાં ખાસ કરીને લેમેટા રચનામાં મળે છે. તેમાં ડાયનાસોર પ્રાણીઓના વિશ્વવિખ્યાત અશ્મિભૂત અવશેષોનો સમૃદ્ધ ભંડાર મળે છે. તેના ચૂનાયુક્ત ખડકો ખેડા, પંચમહાલ અને દાહોદ જેવા વિસ્તારોમાં ઘણી જગ્યાઓએ વિવૃત્ત પામેલા છે.

ડાયનાસોર અને જીવાશ્મિ ઉદ્યાન અહીં ઊભું કરાય ત્યારે મુલાકાતીઓને તેમાં પ્રવેશતાં જ પ્રાગૈતિહાસિક યુગની ઝાંખી થાય એવી વનસ્પતિ સૃષ્ટિ ડાયનાસોર મહાકલ્પ દરમિયાનના પરિસરતંત્રની તાડ અને સાઇકેડ્સ જેવી વનસ્પતિઓ ઉગાડવાનો પ્રારંભ થઇ ગયો હતો. તે માટે ખંભાતથી ખજુરીનાં છોડવાઓ અને અમુક કાંટાળી વનસ્પતિઓ, હંસરાજ જેવા નાજુક રોપવાનું શરુ થયું હતું. વળી આ વિસ્તાર એકદમ સમતલ હોઇ ડુંગરાળ વિસ્તારનાં દેશ્યો ઉભાં કરવા માટે સાબરકાંઠાના ઇડરની આસપાસનાં વિસ્તારોમાંથી સુંદર કુદરતી અદ્ભૂત આકારો ધરાવતા હોય તેવા પથ્થરો લાવવાના પ્રયત્નો થયા. ડુંગરે ડુંગરે ફરી ને કુદરતી નયનરમ્ય લાગતા પથ્થરોને લાવી મુકવાની વાત જેટલી વૈચારિક રીતે સારી લાગતી હતી તેટલી વાસ્તવિક રીતે મુશ્કેલ છે. એ વાતનો અનુભવ ધીરે ધીરે થવા લાગેલો. કેમ કે ડુંગરાળ વિસ્તારમાંથી વજનદાર પથ્થરોને ખસેડવા, ગબડાવીને લાવવા અને તે પછી રસ્તા નજીક આવતાં વિશાળકાય ક્રેન અને મોટાં વાદનો દ્વારા ગાંધીનગર સુધી લાવવાનું કામ સહેલું તો નહોતું જ. છતાં ગમે તેવાં પડકારો ને પહોંચી વળે તેવી એક ટીમ દ્વારા તેને સફળ બનાવવામાં જે પ્રયત્નો થયા તે આર્થિક રીતે પણ બહુ ખર્ચાળ સાબિત થઇ રહ્યા હતા. ત્યારે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના લલિત કલા વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ દ્વારા રેષાકાચ અને રાળમાંથી તૈયાર કરાતી ડાયનાસોર પ્રાણીઓની પ્રકૃતિઓની સાથોસાથ મોટા કદના કુદરતી પથ્થરો જેવી જ પ્રતિકૃતિઓ તેમને તૈયાર કરી આપવાનું જણાવતાં એ પ્રયોગ પણ કરવામાં આવેલો છે. પરંતુ મુલાકાતીને પ્રથમ નજરે જોતાં તે બંને વચ્ચેનો ભેદ જલ્દી ખબર જ પડે તેવી આબેહુબ પથ્થરોની શીલાઓની પણ પ્રતિકૃતિઓ તૈયાર થયેલી છે.

પ્રાગ ઐતિહાસિક જીવનની પ્રતિકૃતિઓ અને સ્વયં અવશેષો દ્વારા ક્રિટેસિયસ કાળ, જૂરાસિક કાળ અને તૃતીય જીવનયુગ માયોસીન - પ્લાયોસીન કાળખંડો તેમજ ચતુર્થ જીવયુગ સુધીના વિભાગો સામેલ કરવાનું આગોતરું આયોજન હતું. તેમાં પ્રથમ તબક્કાનું કામ આગળ ધપતું હતું. ખાસ મધ્યજીવ યુગના ક્રિટેસિયસ કાળની ઘટનાઓની બાબતોનો સમાવેશ કરાયો. જેમાં ગુજરાતની ભૂમિ પર જેમનું અસ્તિત્વ હતું તેવા સૌમ્ય તૃણભક્ષી તેમજ વિકરાળ માંસભક્ષી થેરોપોડ ને સામેલ કરવા. આ પ્રતિકૃતિઓમાં ૨૧ મીટર લાંબુ, સૌમ્ય છતાં વિરાટકાળ સોરો પોર્ડબ્રોન્ટોસોરસ જેને ગુજરાતીમાં આપણે ગર્જતી ગોધા કહીએ તે અને મધ્યકદનું તૃણભક્ષી જેણે તેની દાઢોથી તેનો ખોરાક ચાવવા માટે સર્વપ્રતમ યોગ્યતા પ્રાપ્ત કરેલી એવું ખૂબ જાણીતું બનેલું ડાયનાસોર ઇગ્વાનોડોન કે ઇગ્વાના દાંતનો સમાવેશ થયો છે. આ બે ઉપરાંત ત્રિશૃંગી ચહેરાવાળા ટ્રાયસોરેટોપ્સ જેને ૧૩ સે.મી. જેટલા લાંબા દાંતરડાં આકારના નહોર હતા એવું ભયંકર નહોરથી શિકાર કરી શકે એવું માંસભક્ષી ડિનોનિક્સ તેમજ આ બધાં ડાયનાસોર પ્રાણીઓ પૈકી વધુ જાણીતા અત્યાચારી ગોધા ટાયરેનોસોરસ ને તેના જીવંત કદમાં પ્રતિકૃતિરુપે જોવાનો આનંદ મુલાકાતીઓને મળે તે રીતે તૈયાર થઇ રહ્યાં હતા. તે માટે ભૂસ્તરશાસ્ત્રીઓની ટૂકડીઓ દ્વારા પૂર્વ ગુજરાતના ભાગોમાંથી ઉપલબ્ધ થયેલ મહત્ત્વના પુરાવાઓ જેવા કે ડાયનાસોરના અસ્થિ, દાંત, ચામડીની છાપો, પગલાંના ચિહનો અને ઇંડાનો સમાવેશ થતો હતો.

આજથી ૬.૫ કરોડ વર્ષ અગાઉ વિકસેલા, સમૃદ્ધ થયેલા વિવિધ પ્રકારના ડાઇનાસોર પ્રાણી જીવનને મુલાકાતીઓ વિરલ અવશેષો રુપે નિહાળીને તેઓ તેમની જિજ્ઞાસુ દૃષ્ટિને અતીતમાં વિસ્તારી શખે તે માટે જે ટુકડીઓ એ જહેમત ઉઠાવી તેમના અવનવા અનુભવો પણ ખુબ જ રોમાંચક હતા. બાલાસિનોર, દાહોદ, ઝાલોદ અને બીજા શહેરોની આજુબાજુના ગ્રામ્યવિસ્તારોમાં ફરીને આ જીવાવશેષો એકત્ર કરવામાં આવેલા છે. તે ઉપરાંત આ ઉદ્યાન માટે કચ્છમાં જયાં જયાં જુરાસિક અને તૃતીય જીવ યુગના ખડકો સારી રીતે વિવૃત્ત થયેલા છે ત્યાંથી અપૃષ્ઠવંશી પ્રાણીઓનો સંગ્રહ મેળવાયો છે. તેમાં મૃદુશરીરાદિ પરવાળા, બ્રેકિયોપોડ, શૂરત્વચી, દ્વિપુટ, જઠર પદી, બેલેમ્નાઇટ અને અમોનાઇટનો સમાવેશ થાય છે. વિવિધ પ્રકારના આ બધા જીવાવશેષો કચ્છના ભૂછ, નખત્રાણા, નળિયા અને ચારી જેવા વિસ્તારોમાં અહીં લાવવામાં આવ્યાં છે.

આ બધાંની ગોઠવણ પણ ખુબ જ વૈજ્ઞાનિક ઢબે અને મુલાકતીઓને રસ પડે તે રીતે કરવામાં આવી છે. ત્રણ હેકટરના આ વિસ્તારને ત્રણ ભાગમાં વહેંચીને ખેતરના રસ્તાઓ બનાવાયા છે. તેમાં સમયખંડ ને દર્શાવતા પથ્થરો મુકેલ છે. જેથી મુલાકાતીઓને એ વાતનો અહેસાસ થાય છે કે તે હવે એક નવા જીવયુગમાં પ્રવેશી રહ્યો છે. સાથોસાથ રસ્તા પર બિછાવવામાં આવેલ પેપરનો રંગ પણ કાળખંડ મુજબ અલગ દર્શાવી સહજ રીતે સમજાય તેવી રચના અહીં કરવામાં આવેલી છે.

ક્યાંક પથ્થરો, ટેકરાવાળા ભાગો સાથોસાથ કુદરતી લાગે તેવું નાનકડું તળાવ અને તેની કિનારે બચ્ચાં સાથે ઉભેલું ત્રિશૃંગી ચહેરાવાળું ડાયનાસોર બાળકો અને મોટાઓ માટે પણ આકર્ષણનું કેન્દ્ર બને તેમાં કંઇ નવાઇ નથી. અહીં માત્ર વિશાળકાળ ડાયનાસોરની જ પ્રતિકૃતિઓ હોય એવું નથી. આપણી નાનકડી ઉંદરડી જેવું લાગતું ક્રિટેસિયસના પ્રારંભિક કાળનું જેલેમ્બડા, પાંખો વાળા કાચીંડા જેવું મધ્ય જૂરાસિક કાળનું લોન્ગિસ્કવેમા અને ખીસકોલી જેવું દેખાતું અંતિમ ક્રિટેસિયસ કાળનું કુસેર્કોન્શિયાની પ્રતિકૃતિઓ પણ મુકવામાં આવી છે. આ 'ડાયનાસોર' શબ્દ જ આપણા મગજમાં એવું અદ્ભૂત ચિત્ર ઊભું કરે છે કે પ્રાગૈતિહાસિક યુગમાં આજથી ૬.૫ કરોડ વર્ષ પૂર્વ સુધી આપણા ગ્રહ ઉપર રાક્ષસી કદના વિશાળ સરિસૃપો ફરતાં હતા. તે સમયે જે ગીચ જંગલો હશે તેના પુરાવા રુપે કાષ્ટ અશ્મિઓ પણ ગુજરાતમાં સાબરકાંઠા અને કચ્છ જિલ્લાના વિસ્તારોમાંથી મળી આવ્યાં છે. જેમાં અશ્મીભૂત છોડની છાપ દર્શાવતું પથ્થર પરનું દેશ્ય અભિભૂત કરે તેવું છે. કેમ કે ખડક સ્તરોમાં જળવાયેલાં અતીતની ઘટનાઓના સંગ્રહનો અભ્યાસ કરીને આપણે પૃથ્વીનો ઇતિહાસ સમજી શકીએ છી. આ માટે ખડકસ્તરો એ જ આ ઇતિહાસના પુસ્તકનાં પાનાં છે. પૃથ્વીની સપાટી પર વિવૃત્ત થયેલા મોટા ભાગના ખડકો જળકૃત પ્રકારના છે. તે અસ્તિત્વ ધરાવતાં જૂના ખડકોમાંથી પાણી કે પવનના ધસારા કે મારાથી તૂટેલા કે છૂટા પડેલા કણોમાંથી બનતા હોય છે. નદી કે પવનો જેવા વાહનો દ્વારા આવા મરડિયા, રેતી, માટી કે કાદવ, નહીં કે સરોવર કે પછી સમુદ્ર - મહાસાગર તળ પર જમાવટ પામે છે. આ જળકૃત કણોની સાથે સાથે જીવંત કે મૃતપ્રાણીઓ કે વનસ્પતિ અથવા તેના ભાગો પણ તળમાં દબાઇ શકે છે. સમય વિતવાની સાથે અને જૂના થરો ઉપર બીજા થરો જામવાથી તેમજ ક્યારેક રાસાયણિક ફેરફારોથી તળ પરના નિક્ષેપો ઘનિષ્ઠ બની જઇ ખડકમાં પરિણમે છે. મરડિયામાંથી ગોળાશ્મખડક, રેતીમાંથી રેતીખડર, કાદવ કે માટીમાંથી પંકખડક કે શેલ તથા પેલા દટાયેલાં પ્રાણી કંકાલમાંથી કે વનસ્પતિ ટૂકડાઓમાંથી છેવટે જીવાવશેષ બને છે.

ઘણા લોકોના મનમાં એવો ખ્યાલ બંધાઇ ગયો હોય છે કે જીવાવશેષો એટલે ડાઇનાસોરની વિગતો અને લક્ષણો હવે પુસ્તકોમાં, સિનેમા કે ટેલિવિઝનના પડદે બતાવાય છે. કેટલાંક ડાઇનાસોરના અસ્થિ કે ઇંડા ઘણા સંગ્રહાલયોમાં પ્રદર્શિત કરેલાં જોવા મળે છે. આ પ્રાણીઓ સરિસૃપ પ્રકારના હતાં.

પૃથ્વીના ઇતિહાસનું વ્યવસ્થિત અર્થઘટન કરવા માટે સ્તારનુક્રમના નિયમને પાયાના નિયમ તરીકે ઘટાવાય છે. આ સ્તરના અનુક્રમમાં ભૂસંચલનથી કોઇ ફેરફાર થઇ જાય ત્યારે તેમની વય નિર્ધારણ કરવા માટે જીવાવશેષોનો ઉપયોગ થાય છે. ગુજરાતના અનેક ભાગોમાંથી ઉત્ખન્ન દ્વારા મળી આવેલ ડાયનાસોરના અનેક જીવાશ્મિઓ એ હકીકત સ્પષ્ટ કરે છે ભૂસ્તરીય ભૂતકાળમાં ડાયનાસોરનાં અનેક આવાસોમાંનું એક આવાસ સ્થાન ગુજરાત હતું. ડાઇનાસોર ને લગતાં અનેક રહસ્યોમાનું એક તેમનું ૬.૫ કરોડ વર્ષ પૂર્વેનું નાટકીય વિલોપન ગણાવી શકાય તે માટે વિજ્ઞાનીઓએ જે અનુમાન કરેલ છે. તેની વિગતો પણ અહીં પ્રદર્શિત કરવામાં આવી છે.

ગુજરાતમાં ખાસ કરીને ક્રિટેશિયસ કાળની પાછલા ભાગમાં ડાઇનાસોર વ્યાપક હતા. તેના મળેલ જીવાશ્મિઓ ઉપરથી ઓળખવામાં આવેલ ડાઇનોસોરની જાતિઓ સોરોપોડસ જેમ કે બ્રોન્ટાસોરસ, સ્ટેગોસોરસ અને ઓરનીથોપોડસ એટલે કે ટ્રાઇસેરોટોપ, ઇગ્વાનોડોન અને થેરાપોડસ એટલે ટાયરેનોસોરસ, ડાયનોનાયકસ, મેગાલોસોરસ, ક્રિટેશિયસ કાળ દરમિયાન પૃથ્વી ઉપર ટહેલતાં હતા. અને ૧૯૮૧માં ખેડા જિલ્લાના બાલાશિનોર પાસે આવેલ રાહોલી જેવા નાના સ્થળે જયારે ડાઇનાસોરના પગના અસ્થિઅશ્મી રુપે મળ્યાં ત્યારે વિશ્વભરના વિજ્ઞાનીઓ માટે તે આકર્ષણનું કેન્દ્ર બન્યું. તેની પ્રસિદ્ધિ વિશ્વ સ્તરની ઊંચાઇએ પહોંચી ગઇ. આ કિંમતી ઉપલબ્ધિએ આ વિસ્તારમાં સઘન શોળખોળનાં મંડાણ કર્યા. જેના પરિણામે બાલાશિનોર મુકામે ડાયનાસોરનું પ્રથમ ઇંડુ ૧૯૮૨માં મળી આવેલું. ત્યારબાદ અન્ય પાંચ સ્થળોએ એટલે કે, જેઠોલી, ઓઠવડ, ખેમપુર, ઘુવડિયા અને ઉવાંડ્યાથી પણ ડાઇનાસોરનાં અસ્થિમળી આવતાં ડાઇનાસોરના સૌથી વધુ ઇંડાના સમુહો અશ્મીરુપે ધરાવતા દેશો જેવા ચીન, મંગોલિયા, અમેરિકા અને આર્જેન્ટિનાની બરોબરીના સ્થળ ભારતના ગુજરાત રાજયમાં હોય તે માટે આપણને ગૌરવની લાગમી થાય પણ તે માટે એક જ જગ્યાએ તેને પ્રદર્શિત કરાય તો મુલાકાતીને કેવું ગમે.

રાજયના પાટનગરની ભાગોળે આવું જીવાશ્મિઓનું પ્રાકૃતિક ઇતિહાસ પ્રદર્શન નિહાળવા મળે તે શું એક લ્હાવો નથી?

આ ડાઇનોસોર - જીવાવશેષ ઉદ્યાનનું ઉદ્ઘાટન તત્કાલીન મુખ્યમંત્રી અને હાલમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું તેને જોઇને તેઓ એટલા બધા પ્રભાવિત થયા હતા કે બીજા જ દિવસે તેમણએ સમગ્ર મંત્રીમંડળને અને તે પછી તમામ ધારાસભ્યોને મુલાકાત લેવા ખાસ જણાવ્યું હતું. તે સંદર્ભે સર્વે મંત્રીઓ અને ધારાસભ્યોએ પણ ડાઇનોસોર - જીવાવશેષ પાર્કની મુલાકાત લીધી હતી.

સુખડાં અને દુ:ખડાં : લાઇફના નાના નાના ટુકડા!

વિચારયાત્રા

- ડો. જય ઓઝા

અંગ્રેજીમાં એક શબ્દ પ્રયોગ છે. 'સ્લાઇસ ઓફ લાઇફ'. જીવનનાં ખાટામીઠાં-તૂરાં-કડવાં અનુભવોની જે મજા છે એને વાર્તાઓ કે ફિલ્મોમાં દર્શાવીને એક સુંદર અનુભૂતિ સર્જી શકાય છે. સામાન્ય માણસોનાં જીવનમાં બનતાં,સામાન્ય પ્રસંગોથી અસામાન્ય અસર ભી કરવા માટે સ્લાઇસ ઓફ લાઇફની મજા છે. અંગ્રેજી-યુરોપિયન ફિલ્મોમાં હજુયે એવું જોવા મળે છે. આજકાલ હિંદી ફિલ્મોમાં ક્યારેક જ 'સ્લાઇસ ઓફ લાઇફ' જોવાં મળે છે. હવે એનું સ્થાન હવે હવામાં ઉડતાં હીરો અને આકાશમાં ઉછળતી ગાડીઓએ લીધું છે. અગાઉ મિડલ ક્લાસનાં પાત્રો કંઇપણ કરી શકવાને અસમર્થ હતાં એજ એમનો ચાર્મ હતો પણ હવે કંઇપણ કરી શકવા શક્તિમાન, સુપરમેન જેવા હીરો પરાક્રમો કરે છે.અરે, ઇવન ટીવી સિરિયલોમાં પણ વિલન જેવી સાસુઓ અને મેનેક્વિન જેવી હિરોઇનો આવી ગઇ છે.કદાચ ગ્લોબલાઇઝેશન પછી સૌને સુખની છીનાઝપટી કરીને ફટાફટ મોટી જિંદગી માણી લેવી છે. માટે જ મજા, મનોરંજન અને આનંદની વ્યાખ્યાઓ બદલાઇ ગઇ છે. તાળીઓ સીટીઓ કિકિયારીઓ અને ટ્રકની પાછળ લખાયેલ ફૂવડ કવિતા જેવાં સંવાદો જ હવે બધે દેખાય છે. શું સિનેમા, શું ટીવી કે શું રાજકારણીઓનાં ભાષણ. બધેજ શોરગુલ છે પણ નજાકત ગુલ છે. એવામાં, ટીવી-સિનેમા છોડો પણ રિયલ લાઇફમાં જયારે અનાયાસે કદીક 'સ્લાઇસ ઓફ લાઇફ' નાં ખાટાં-મીઠાં કિસ્સાં જોવા મળી જાય તો અકારણ ખુશીનાં આંસુ આવી જાય. 'સ્લાઇસ ઓફ લાઇફ' શબ્દ જાણે કોઇ વ્યક્તિ હોય એમ અમને મારી સામે સાક્ષાત જીવંતરૂપે દેખાણો. થયું એવું કે હમણાં અમે એક મિત્ર જોડે ફાઇવસ્ટાર હોટલમાં ડીનર લેવા ગયેલા. બાજુનાં ટેબલ પર ટીપીકલ એક ગુજરાતી ફેમિલી આવીને બેઠું. મા-બાપ અને બે દીકરીઓ.પહેલાં તો એ ચારેય સાથે બેઠેલાં પણ પછી જેવો વેઇટર ઓર્ડર લેવા આવ્યો કે દીકરીઓ તરત ભી થઇને પાસેનાં જુદા જ ટેબલમાં બેસી ગઇ.અને પછી બંને ટેબલ પરથી અલગ અલગ ઓર્ડર અપાયાં. થોડી વારે ખાવાનું આવ્યું અને ત્યારે બેઉ ટેબલ પરથી વાનગીઓની એકબીજાં સાથે આપ-લે થવા માંડી. એક ટેબલ પરથી બીજાં ટેબલ પર હાથ લંબાવીને અલગ અલગ ડીશોનાં બાઉલ ઉપાડીને એ ચારેય લોકો ખાવાનું શેર કરવાં લાગ્યાં. ફાઇવસ્ટારનાં સોફિસ્ટીકેટેડ વાતાવરણમાં, અરે પેલો સૂપ આપને, બેબલી! કે પપ્પા, આ ડીશ ટ્રાય કરો. જેવા અવાજો મોટે મોટેથી ગુંજવા માંડયાં. આસપાસનાં લોકો થોડા નવાઇથી જોવા લાગ્યાં અને અમુક સ્હેજ અકળાઇ પણ ગયા.એક ટેબલથી બીજાં ટેબલ પર ગરમાગરમ દાળ જેવી પ્રવાહી આઇટેમ પાસ કરવામાં એ સ્હેજ છલકાઇ પણ ખરી. એકવાર તો બરોબર આ આપ-લે વખતે જ એક ફોરેનર, બે ટેબલ વચ્ચેથી પસાર થવા ગયો અને ઓલમોસ્ટ ડીશ સાથે અથડાવાનો હતો પણ બચી ગયો. આસપાસનાં બીજા ગેસ્ટ લોકો માટે આ આખી ગુજ્જુ ફેમિલી કુતૂહલ અને મજાકનો વિષય બની ગઇ. પણ શરૂ શરૂમાં જયારે બે યંગ દીકરીઓ મા-બાપથી દૂર બેઠી ત્યારે અમને નવાઇ એમ લાગ્યું હતું કે કદાચ બેઉ દીકરીઓને મા-બાપથી અલગ કંઇક ખાનગી વાત કરવી હશે અને પેરેંટ્સ સામે વાત કરવામાં સંકોચ થતો હશે એટલે અલગ બેઠાં.અથવા અલગ ટેબલ પર નોન વેજ ખાવું હશે.પણ ના એવું પણ નહોતું કારણકે ચારેય લોકો વાતો અને વાનગીની આપ-લે તો સતત કરતાં હતાં.

અમને કંઇ સમજાયું નહીં પણ સ્હેજ નીરિક્ષણ કરતાં લાગ્યું કે કદાચ આ ફેમિલી પહેલી જ વાર ફાઇવસ્ટારમાં જમવાં આવ્યાં હોવા જોઇએ. ચારેય લોકોનાં ચહેરાં પર એક અજબનું કૌતુક અને રોમાંચ દેખાતાં હતાં. ડીનર માણવા આવેલો આ પરિવાર ફાઇવસ્ટારના કાઉડમાં અજનબીઓની જેમ સૌથી અલગ દેખાતાં હતાં.એક અદૃશ્ય અપરાધભાવથી એ લોકો સાંજ માણી રહયાં હતાં. વચ્ચે વચ્ચે એમનો અવાજ ચો થઇ જતો પણ પછી એ લોકો તરત સહમી જતાં હતાં. છૂરી કાંટાથી ખાવાનો પ્રયત્ન કરવામાં ભોંઠા પડીને વારંવાર શરમાઇ જતાં હતાં.પછી તો એકબીજાનાં ટેબલ પર ડીશોની આપલે કરવામાં જે ચપળતા હતી એ ધીમે ધીમે ઓછી થવા માંડી. જયારે અહિં આવ્યાં ત્યારે એમનાં અવાજમાં હાવભાવમાં જે ખિલખિલાટ હતો એ ધીમે ધીમે ઓસરવા માંડયો. થોડીવાર માટે ચારેય સાવધ થઇ ખાવા માંડ્યાં.

એ ચારેય લોકો જેવું ડીનર પૂરૂં કર્યું કે તરત વેઇટરને બીલ માટે પૂછયું.

વેઇટર,ચારેય લોકોની આઇટેમોનું એકસાથે જ બીલ લાવ્યો. આ જોઇને બાપ ભડકી ગયો અને વેઇટરને કહ્યું કે અરે, બે અલગ ટેબલ છે તો બીલ પણ બે અલગ બીલ જ જોઇએ. તો વેઇટરે કહ્યું કે તમે ચારેય સાથે જ છો અને એકબીજાંને પૂછીને ઓર્ડર આપ્યો છે. પણ ના, બાપ પોતાની દલીલને વળગી રહ્યો અને બે અલગ બીલની માંગણી જીદપૂર્વક કરતો રહ્યો.આખરે વાત વધતાં મેનેજર આવ્યો. બાપે એને સમજાવ્યું કે અમારી પાસે આ હોટેલનું મેંબરશીપ કાર્ડ છે.એમાં લખ્યું છે કે જો બે જણાં જમવા આવશે તો બીલ પર ૫૦ % ડિસ્કાઉન્ટ મળશે.જો ચાર જણા જમશે તો ૩૦% મળશે. માટે જ અમે ચારેય લોકોએ બે અલગ અલગ ટેબલ પર બેસીને બે અલગ અલગ ઓર્ડર આપ્યાં છે.અમને બેઉ બીલ પર ૫૦ % ડિસ્કાઉન્ટ મળવું જ જોઇએ. ટીપીકલ કરકસરવાળી ગુજરાતી સ્ત્રીની જેમ પત્નીએ દલીલ કરવાં રસોઇમાં વાંધા વચકાં પણ કાઢયાં.હવે પેલી દીકરીઓને સ્હેજ શરમ આવી રહી હતી પણ છતાંયે પોતાનું હસવું રોકી રહી હતી. બહુ રકઝક પછી મેનેજરે હાર માની અને હાથ જોડીને વાત પડતી મૂકી.પચાસ ટકા ડિસ્કાઉન્ટ આપ્યું.કૂબેરનો ખજાનો મળ્યો હોય એમ એ ચારેય લોકો ખુશ થઇ ગયાં.ઉપરથી બીજી બે આઇસક્રીમ ફરીથી અલગ અલગ ટેબલ પરથી ઓર્ડર કરી.

આ બધું જોઇને મારી સાથેનો મિત્ર સ્હેજ ટીકાત્મક રીતે હસવા માંડયો, તુમ ગુજ્જુ લોગ, સાલે, બડે પૈસાંબાજ હોતે હો. કયા કમીનાપન હૈ યે, હોટલ મેંબરશિપ કે ગીફ્ટ કાર્ડ કા ઐસા ફાયદા ઉઠાને કા? કંજૂસ કહીં કે...

વગેરે વગેરે. બે ઘડી અમને પણ એની વાત સાચી લાગી. એ અજાણ્યાં પરિવારનાં આવાં વર્તનને લીધે કારણ વિના થોડી શરમ પણ થઇ આવી.પછી બાપે,અલગ અલગ ટેબલનાં બે બીલ ચૂકવ્યાં અને ચારેય ભાં થઇ ગયાં... હોટેલ મેંબરશિપનું, ફૂડ ડિસ્કાઉન્ટ કાર્ડ એણે સાચવીને પર્સમાં એ રીતે મૂકયું જાણે હમણાં જ જન્મેલાં બાળકને એક નર્સ, ટુવાલમાં લપેટીને પારણાંમાં મૂકતી હોય!

પછી એ ચારેય લોકો ખુશખુશાલ થઇને ત્યાંથી નીકળ્યાં. બેઉ દીકરીઓએ,મમ્મી પપ્પાનો હાથ ઝાલી લીધો. બાપે, મોબાઇલથી કોઇકને ફોન કરીને આ, ફૂડ ડિસ્કાઉન્ટ કાર્ડ વાપરવા આપવા બદલ થેંક્યું કહ્યું અને ગદ્-ગદ્ થઇને આભાર માન્યો. ફાઇવસ્ટાર હોટેલ ઝળાંહળ